eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 236
July 9, 2010



## ઉધના ઝોનમાં વિવિધ સ્થળોએ કરવામાં આવેલ ડિમોલીશન કામગીરી

આજ રોજ તા. ૫/૭/૨૦૧૦ ના રોજ માન. કમિશનરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશનરશ્રી (જન) તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન (ઉધના) નાં શહેર વિકાસ તથા દબાણ ખાતા મારફત નીચે જણાવેલ સ્થળે ડિમોલીશન ની કામગીરી કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન(કતારગામ) ઝોનનાં ઝોનલ ચીફ ડે.કમિશ્નરશ્રી (પ. અને ઈ.) તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી, નોર્થ ઝોન(કતારગામ)ની સુચના મુજબ પ્લાસ્ટિક ઝુંબેશ અંતર્ગત ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી, મુખ્ય આરોગ્ય નિરીક્ષક અને લાગત વોર્ડના આરોગ્ય નિરીક્ષક ધ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીક ઉપયોગ કરનાર ઈસમો/સંસ્થાનું અચાનક આરોગ્ય સ્કવોર્ડ ધ્વારા ચેકીંગ

નોર્થઝોન(કતારગામ) ઝોનમાં ઝોનલ ચીફ ડે.કમિશ્નરશ્રી(પ. અને ઈ.) તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી, નોર્થઝોન (કતારગામ) ની સુચના મુજબ તા. ૦૧/૦૭/૨૦૧૦ તેમજ તા. ૦૩/૦૭/૨૦૧૦ ના રોજ નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ કતારગામ મેઈન રોડ, કતારગામ લાયબ્રેરી થી સિંગણપોર ચાર રસ્તા સુધી, બાપા સીતારામ ચોક, લલીતા ચોકડી, નગીનાવાડી, વસ્તાદેવડી રોડ તેમજ નવા સમાવિષ્ટ અમરોલી વિસ્તારમાં અમરોલી શાકભાજી માર્કેટમાં તેમજ મેઈનરોડ પર પ્રતિબંધિત પ્લાસ્ટીકની બેગનો આશરે ૧૨ કિલોનો ઉપયોગ અર્થે રાખેલ જથ્થો જપ્ત કરવામાં આવેલ છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ ધ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૦૩/૦૭/૨૦૧૦ ના રોજ નેશનલ પ્લાઝા કોમ્પલેક્ષ, ઉન પાટીયા પાસે, સુરત–નવસારી રોડ, સુરત ખાતેથી આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૨, ૨૩ અને ૨૬ જુલાઈ ૨૦૧૦ના રોજ મહેંદી સ્પર્ધા અને ગોરમા ગીત સ્પર્ધાનું આયોજન

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૨, ૨૩ અને ૨૬ જુલાઈ ૨૦૧૦ના રોજ અનુક્રમે પ્રાથમિક વિભાગની મહેંદી સ્પર્ધા, માધ્યમિક/ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધા અને ગોરમા ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં, તા. ૦૩/૦૭/૨૦૧૦નાં રોજ શહેર વિકાસ ખાતા મારફતે કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઉધના ઝોનમાં વિવિધ સ્થળોએ કરવામાં આવેલ ડિમોલીશન કામગીરી

આજ રોજ તા.૫/૭/૨૦૧૦ ના રોજ માન. કમિશનરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશનરશ્રી (જન) તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન (ઉધના) નાં શહેર વિકાસ તથા દબાણ ખાતા મારફત નીચે જણાવેલ સ્થળે ડિમોલીશન ની કામગીરી કરવામાં આવેલ છે.





૧) સાઉથઝોન (ઉધના)માં આવેલ બમરોલી મુખ્ય માર્ગ ઉપર હેડગેવાર પુલની બાજુમાં ખાડીને અડીને આવેલ સાંઈ આશિષ સોસાયટી, ફા.પ્લોટ નં. ૭૦ માં ખાડીની જગ્યામાં દબાણરૂપ ૧૮ × ૯૦ ફુટનું આર.સી.સી. તથા ચણતર કામ સહિતનું ગ્રાઉન્ડ ફલોરનું ગેરકાયદેસર બાંધકામ ખાડીમાં દબાણરૂપ ચણવામાં આવેલ. જે બાંધકામ આજરોજ આર.સી.સી.સ્લેબ તોડીને દૂર કરવામાં આવેલ છે તથા મિલ્કતદાર પ્રકાશભાઈ ચતુરભાઈ કુમાવત પાસેથી ડીમોલીશન ચાર્જ પેટે રૂા. ૫૦,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

૨) સાઉથઝોન(ઉધના) માં બમરોલી–પાંડેસરા જી.આઈ.ડી.સી. મુખ્યમાર્ગ ઉપર આવેલ પાંડેસરા ગુજરાત હાઉસીંગ બોર્ડમાં સી.ઓ.પી. નં. ૧૧ આવેલ છે. આ સી.ઓ.પી.નો કબ્જો સુરત મહાનગરપાલિકાનો થતો હોય, આ સી.ઓ.પી. માં શ્યામ ગેહલોત નામના ઈસમ ધ્વારા ગેરકાયદેસર પતરાના શેડો તથા દિવાલો અગાઉ ઉભા કરી ગેરેજ તથા ભંગારના સામાનના શેડ ઉભા કરેલ. જે તમામ બાંધકામ આજરોજ જે.સી.બી. મશીન ધ્વારા ઉધનાઝોન ધ્વારા તોડી પાડવામાં આવેલ છે. તથા જાહેર હેતુના આ સી.ઓ.પી.નો કુલ્લે આશરે ૧૦,૦૦૦.૦ ચો.ફુટનો કબ્જો ખુલ્લો કરેલ છે. તથા ઉપરોકત ઈસમ પાસેથી રૂા. ૫૦,૦૦૦/– ડીમોલીશન ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ છે.





ઉપરોકત કામગીરી ઉધના ઝોનના દબાણ સ્ટાફ તથા શહેર વિકાસનો સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાના સીકયોરીટી સ્ટાફ તથા જે.સી.બી. મશીન અને ફાયર વિભાગના સ્ટાફની મદદ લેવામાં આવેલ છે.

TOP

## નોર્થ ઝોન(કતારગામ) ઝોનનાં ઝોનલ ચીફ ડે.કમિશનરશ્રી (પ. અને ઈ.) તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી, નોર્થ ઝોન(કતારગામ)ની સુચના મુજબ પ્લાસ્ટિક ઝુંબેશ અંતર્ગત ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી, મુખ્ય આરોગ્ય નિરીક્ષક અને લાગત વોર્ડના આરોગ્ય નિરીક્ષક ધ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીક ઉપયોગ કરનાર ઈસમો/સંસ્થાનું અચાનક આરોગ્ય સ્કવોર્ડ ધ્વારા ચેકીંગ

નોર્થઝોન(કતારગામ) ઝોનમાં ઝોનલ ચીફ ડે.કમિશનરશ્રી(પ. અને ઈ.) તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી, નોર્થઝોન (કતારગામ) ની સુચના મુજબ તા. ૦૧/૦૭/૨૦૧૦ તેમજ તા. ૦૩/૦૭/૨૦૧૦ ના રોજ નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ કતારગામ મેઈન રોડ, કતારગામ લાયબ્રેરી થી સિંગણપોર ચાર રસ્તા સુધી, બાપા સીતારામ ચોક, લલીતા ચોકડી, નગીનાવાડી, વસ્તાદેવડી રોડ તેમજ નવા સમાવિષ્ટ અમરોલી વિસ્તારમાં અમરોલી શાકભાજી માર્કેટમાં તેમજ મેઈનરોડ પર પ્રતિબંધિત પ્લાસ્ટીકની બેગનો આશરે ૧૨ કિલોનો ઉપયોગ અર્થે રાખેલ જથ્થો જપ્ત કરવામાં આવેલ છે તેમજ અખાદ્ય પદાર્થ ૩૫ કિલો નાશ કરેલ છે. તથા જનજાગૃતિ અર્થે આરોગ્ય શિક્ષક આપેલ છે.

ઉપરોકત પ્રતિબંધિત પ્લાસ્ટીક ઝુંબેશમાં ૩૦ સંસ્થા આરોગ્ય સ્કવોર્ડ ધ્વારા ચેક કરી ન્યુસન્સ કર્તા ઈસમો ૭૯ પાસેથી વહીવટી ખર્ચ પેટે રૂા. ૧૦,૦૦૦/– વસુલાત કરેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ ધ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૦૩/૦૭/૨૦૧૦ ના રોજ નેશનલ પ્લાઝા કોમ્પલેક્ષ, ઉન પાટીયા પાસે, સુરત–નવસારી રોડ, સુરત ખાતેથી આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, આરોગ્ય સમિતીના અધ્યક્ષા શ્રીમતિ સ્મિતાબેન પટેલ, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના અધ્યક્ષા શ્રીમતિ સુશિલાબેન મહાદુ, આરોગ્ય સમિતિના ઉપાધ્યક્ષ શ્રી કીશોરભાઈ વાઘેલા, તથા મ્યુનિ. સદસ્યશ્રી રામપ્યારે શર્મા, શ્રી શૈલેશભાઈ જરીવાળા, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે. કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.હેમંત દેસાઈ, કાર્યપાલક ઈજનેરશ્રી ડી.સી.ગાંધી,નાયબ આરોગ્ય અધિકારી ડો.હરરાય ભટ્ટ,ડો.કલ્પેશ ખત્રી, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત,ઉધના–ખટોદરા શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર તથા અન્ય અધિકારી/ કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો હેમંત દેસાઈએ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ. પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, ''સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય / પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ જોવા મળે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન / સારવાર આપવામાં આવે છે.જેમાં સ્મીમેર હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન કરી સારવાર આપવામાં આવે છે જરૂર જણાય તેવા કેસોને સ્મીમેર / નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવે છે.મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે આરોગ્ય લક્ષી પ્રદર્શન યોજવામાં આવે છે જેમાં પાણી જન્ય/પાણી સંલગ્ન તથા અન્ય રોગો થવાના કારણો તથા તેના ઉપાયો અંગેની જાણકારી આપવામાં આવે છે.સ્થાનિક રહીશોને મેડીકલ કેમ્પનો લાભ લેવા તથા યોજવામાં આવેલ પ્રદર્શન નિહાળી તેનો અમલ કરવા જણાવ્યુ હતું''.

સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના અધ્યક્ષ શ્રી સુશીલાબેન હટકરે પ્રાસંગિક પ્રવચનમાં આ વિસ્તારના રહીશોને મેડીકલ કેમ્પનો લાભ લેવા, આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી રોગ વિષયક જાણકારી મેળવી તકેદારી રાખવા તથા આ વિસ્તારને સુંદર અને સ્વચ્છ રાખવા મહાનગરપાલિકાને સાથ સહકાર આપવા જણાવ્યું હતું.

આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી સ્મિતાબેન પટેલે, પ્રાસંગિક પ્રવચનમાં મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી નાગરિકોને સ્વચ્છતા અંગે કાળજી રાખવા, યોજવામાં આવેલ આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી રોગ વિષયક જાણકારી મેળવી તકેદારી રાખવા તથા મેડીકલ કેમ્પનો લાભ લેવા જણાવ્યું હતું.

શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતુ કે, સુરત મહાનગરપાલિકા શહેરીજનોની સુખાકારી માટે જાગૃત છે. શહેરને ''૦ સ્લમ'' બનાવવાના મહાનગરપાલિકા તથા શાસક પક્ષ પ્રયત્નશીલ છે. મધ્યમ તથા ગરીબ વર્ગના નાગરીકોને ઘરઆંગણે વિના મૂલ્યે તબીબી સારવારનો લાભ મળી રહે તે માટે આવા કેમ્પો યોજવામાં આવે છે જેમાં નિષ્ણાંત ડોકટરો મારફતે નિદાન કરી સારવાર આપવામાં આવે છે.આ વિસ્તારના રહીશોને મહાનગરપાલિકા તરફથી સારી સુવિધા આપવામાં આવી છે સાથે વિસ્તારને સુંદર અને સ્વચ્છ રાખવા, પાણીનો બગાડ ન કરવા,ગમે ત્યાં કચરો ન નાખવા તથા સંપીને રહેવાનો સંકલ્પ કરવા જણાવ્યું હતું. તેમજ બાળકોને યોગ્ય શિક્ષણ આપવા મા–બાપને અનુરોધ કર્યો હતો.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો નેશનલ પ્લાઝા કોમ્પેલેક્ષની આસપાસ વિસ્તારના કુલ ૫૪૪ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૧૦૨, ચામડીના નિષ્ણાત દ્વારા ૯૭, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૩૪, બાળરોગ નિષ્ણાત દ્વારા ૯૨, ફિઝીશ્યન દ્વારા ૧૩૬, સર્જન દ્વારા ૩૦, મેડીકલ ઓફીસર દ્વારા ૫૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૧૫, દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૩૨ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.૯૮ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૧૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૨૦૦૦, ઓરલ પીલ્સ ૨૪, પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૪૫૦, ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૯ બાળકોને બી.સી.જી. ૮૪ બાળકોને ડીપીટી, ૯૪ બાળકોને પોલીયો અને ૨૪ બાળકોને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૧૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશનર કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો.હેમંત એસ.દેસાઈ ના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

**નોંધઃ** આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખ ૧૦/૦૭/૧૦ના રોજ નગર પ્રાથમિક શાળા, ઈ.ડબલ્યુ.એસ. કવાટર્સ, કોસાડ, સુરત ખાતે રાખવામાં આવેલ છે.જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૨, ૨૩ અને ૨૬ જુલાઈ ૨૦૧૦ના રોજ મહેંદી સ્પર્ધા અને ગોરમા ગીત સ્પર્ધાનું આયોજન

**અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૨, ૨૩ અને ૨૬ જુલાઈ ૨૦૧૦ના રોજ અનુક્રમે પ્રાથમિક વિભાગની મહેંદી સ્પર્ધા, માધ્યમિક/ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધા અને ગોરમા ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં સુરત શહેરની પ્રાથમિક/માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ તથા ખુલ્લા વિભાગમાં સુરત શહેરમાં રહેતી યુવતીઓ તેમજ મહિલાઓ ભાગ લઈ શકશે. ગોરમાગીત સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટયગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી તા. ૧૭/૦૭/૨૦૧૦ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા અન્ય ઉંમરના પુરાવાની સર્ટીફાઈડ કોપી સહિત પરત કરવાના રહેશે.**

**TOP**

## નોર્થ ઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં, તા. ૦૩/૦૭/૨૦૧૦નાં રોજ શહેર વિકાસ ખાતા મારફતે કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

ટી.પી.સ્કીમ નં.૪૯ (કતારગામ), ફા. પ્લોટ નં. ૨૨૭ માં આવેલ ભાલચંદ્રનગર સોસાયટીના સબ પ્લોટ નં. ૧ થી ૬ માં આવેલ નિલકંઠ કન્યા વિદ્યાલયની માર્જીનવાળી જગ્યામાં આશરે ૯૦૦ ચો.ફુટ વિસ્તારમાં કરવામાં આવેલ બાંધકામ આજરોજ દુર કરવામાં આવેલ છે.તેમજ મિલકતદાર પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા. ૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP